# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-08-2025** | **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** | **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# ASHWINI VAISHNAV BHAVNAGAR

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે ભાવનગર રેલવે મથકથી ભાવનગર-અયોધ્યા કેન્ટ સાપ્તાહિક ટ્રેનને લીલીઝંડી આપતા રાજ્ય માટે અનેક મહત્વની જાહેરાત કરી. શ્રી વૈષ્ણવે જણાવ્યુ કે ભાવનગર બંદર પર એક નવું કન્ટેનર ટર્મિનલ સ્થાપવામાં આવશે.

બાઇટ- અશ્વિની વૈષ્ણવ (NEW ANNOUNCEMENT )

દરમિયાન પોરબંદર અને રાજકોટ વચ્ચે બે નવી ટ્રેન સેવાઓ શરૂ કરવાની પણ જાહેરાત કરી છે. આ પૈકી એક ટ્રેન દરરોજ ચાલશે અને બીજી ટ્રેન અઠવાડિયામાં પાંચ દિવસ ચાલશે.

(બાઇટ- અશ્વિની વૈષ્ણવ (NEW TRAIN)

આ કાર્યક્રમમાં ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું હતું કે રાજકોટ, પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં ઉભી થનાર આ સુવિધાથી આ વિસ્તારનાં લોકોનુ જીવન વધુ સરળ બનશે.

(બાઇટ- ડો. મનસુખ માંડવિયા, કેન્દ્રિય મંત્રી)

ભાવનગરથી અયોધ્યાની ટ્રેન શરૂ થતાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ તેને ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી.

આ કાર્યક્રમમાં રીવા-પુણે (હડપસર) એક્સપ્રેસ, જબલપુર-રાયપુર એક્સપ્રેસ ટ્રેનને પણ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી લીલી ઝંડી આપવામાં આવી હતી. ત્યારબાદ, શ્રી વૈષ્ણવે નવાગામમાં APPL કન્ટેનર યાર્ડની મુલાકાત લીધી અને કામનું નિરિક્ષણ કર્યું. તેઓ હાલ ભાવનગરમાં વિકાસ ભારત સંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત છે.

. . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 63 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 67 ટકા વરસાદ વરસ્યો છે. બીજી તરફ રાજ્યના 52 જળાશય હાઇએલર્ટ પર છે. રાજ્યમાં આજે 51 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી 4 હજાર 403 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. જ્યારે 690 લોકોને બચાવી લેવાયા છે. દરમિયાન હવામાન વિભાગ દ્વારા આજે 8 જીલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે 6 ઓગસ્ટ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના પણ આપવામાં આવી છે.

. . . . . . . . . . .

# Arban Bank- Election

મહેસાણા અર્બન કો.ઓપરેટિવ બેન્કના 8 ડિરેક્ટરો માટે આજે સાંજના 5 વાગ્યા સુધી મતદાન ચાલશે.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે 8 ડિરેક્ટરો માટે ત્રણ પેનલમાં કુલ 26 ઉમેદવારો ચૂંટણીના જંગમાં છે. 150 બુથ ઉપર 1 લાખ 7 હજાર થી વધુ સભાસદો મતદાન કરી રહ્યા છે. ગુજરાતની બીજા નંબરની સૌથી મોટી સહકારી બેન્ક છે.

અમદાવાદ,વડોદરા, સુરત, ગાંધીધામ, રાજકોટ, ગાંધીનગર અને મુંબઈની શાખાઓમાં હાલ મતદાન ચાલી રહ્યું છે. આવતીકાલે મતગણતરી હાથ ધરશે.

. . . . . . . . . . .

# ANAND FRANCE DELEGATION

ફ્રાન્સના 5 સભ્યોના પ્રતિનિધિમંડળે આણંદ જિલ્લામાં ખાદ્ય ચીજવસ્તુઓ સાથે સંકળાયેલા એકમોની મુલાકાત લીધી હતી. દરમિયાન ફ્રાન્સના રાજદૂતોને બાગાયત વિભાગ દ્વારા ખાદ્યચીજોની બનાવટ તથા તેના પેકેજીંગ,માર્કેટિંગ સહિતની માહિતીથી અવગત કરાયા.

. . . . . . . . . . .

# Arvalli- Allotment of New Buses

રાજ્ય સરકાર દ્વારા અરવલ્લી જિલ્લાને નવીન બસની ફાળવણી કરવામાં આવતા નવા રૂટની શરૂઆત કરવામાં આવી..

રાજ્યકક્ષાના મંત્રી ભિખુસિંહજી પરમારે મોડાસાથી સુરતના રૂટ ઉપર લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. સરકાર દ્વારા બે નવી બસ ફાળવી આપતા, એક રૂટ સુરત અને બીજો રૂટ રાજકોટનો શરૂ કરવામાં આવ્યો છે. આ સાથે જ બસ સ્ટેશન બહાર ટ્રાફિકની સમસ્યા સર્જાય છે, જેનુ નિરાકરણ થાય, તે માટે મુલાકાત પણ કરી હતી.

. . . . . . . . . . .

# RAJKOT RPF

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષા દળ RPF એ જુલાઈમાં ઉત્કૃષ્ટ કામગીરી કરીને મુસાફરોની સુરક્ષા અને સુવિધા

સુનિશ્ચિત કરવામાં પ્રશંસનીય ભૂમિકા ભજવી છે. આઇજી-કમ-પ્રિન્સિપલ ચીફ સિક્યોરિટી કમિશનર અજય સદાણીના નેતૃત્વમાં મુસાફરોનો કુલ એક લાખ 86 હજારની કિંમતનો સામાન, જેમાં 15થી વધુ મુસાફરોનો સામાન સામેલ હતો, સુરક્ષિત રીતે તેમને પરત કરવામાં આવ્યો.

આ ઉપરાંત 16 વર્ષના બાળકને તેના પરિવારજનોને સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યો. "ઓપરેશન સમય પાલન" હેઠળ, ચેઇન પુલિંગના 32 કેસોમાં 25 આરોપીઓને પકડવામાં આવ્યા અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.

. . . . . . . . . . .